॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# બ્લોગઃ અભિવ્યક્તિની આત્મનિર્ભરતા બક્ષતો ડિજિટલ'ચરખો'

ડૉ. દિવ્યેશ વ્યાસ

**Abstract (સાર) :**

માનવીએ પોતાની વાત અન્ય માનવી સુધી પહોંચાડવા માટે અનેક માધ્યમો વિકસાવ્યાં છે. માનવીએ પ્રત્યાયન માટે ઈશારાયુગથી ઇન્ટરનેટ યુગ સુધીની સુદીર્ઘ સફર ખેડીને વધુ ને વધુ આધુનિક માધ્યમો વિકસાવ્યાં છે. આજે ઇન્ટરનેટ અને સ્માર્ટફોનના સંગમે પ્રત્યાયનની પ્રક્રિયાને અત્યંત ઝડપી, વિશ્વવ્યાપી અને એકદમ આસાન બનાવી દીધી છે. સોશિયલ મીડિયાના શોરબકોર વચ્ચે પણ પોતાની વાત વિગતે અને ગંભીરતાપૂર્વક મૂકવા માટે બ્લોગ નામનું એક માધ્યમ ઉપલબ્ધ બન્યું છે. બ્લોગ થકી વ્યક્તિ અભિવ્યક્તિની પૂર્ણ આઝાદી ભોગવી શકે છે. ગાંધીજીએ આર્થિક સ્વાવલંબન માટે ચરખાનો પ્રચાર-પ્રસાર કરેલો, ગાંધીજી આજે હયાત હોત તો અભિવ્યક્તિના સ્વાવલંબન માટે તેમણે બ્લોગની હિમાયત ચોક્કસપણે કરી જ હોત. બ્લોગ અને ચરખા વચ્ચે સરખામણી કરતા કહી શકાય કે બ્લોગ અભિવ્યક્તિની આત્મનિર્ભરતા બક્ષતો 'ડિજિટલ' ચરખો છે. નાગરિક પત્રકારત્વ માટે પણ બ્લોગ શ્રેષ્ઠ માધ્યમ પુરવાર થઈ રહ્યો છે. બ્લોગે આરબ-વસંત અને અન્ય આંદોલનોમાં એક માધ્મય તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**Key-Words (ચાવીરૂપ શબ્દો) :**

બ્લોગ, મહાત્મા ગાંધી, ચરખો, અભિવ્યક્તિની આઝાદી, નાગરિક પત્રકારત્વ, માધ્યમ, ઇન્ટરનેટ, લોકશાહી, સ્વાવલંબન/આત્મનિર્ભરતા, Blog, Internet, Freedom of Expression, Democracy, Media, Citizen Journalism, Mahatma Gandhi, Charakho, Self-Independence.

**પ્રસ્તાવનાઃ**

મહાત્મા ગાંધીએ પોતાના ચર્ચિત પુસ્તક 'હિંદ સ્વરાજ'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે "મારાથી રહેવાયું નહીં ત્યારે મેં લખ્યું છે." સામાન્ય માણસો પણ પોતાની જિંદગીમાં વારંવાર અને સતત આ નહીં રહેવાવાની પીડામાંથી પસાર થતા હોય છે, પણ પછી તેમના માટે સાત મણનો સવાલ એ આવીને ઊભો રહે છે કે લખવું ક્યાં?તેમનું લખેલું પ્રકાશિત કોણ કરે? તેમની વાત-વિચાર-વેદનાને વાચા આપે એવાં માધ્યમો ક્યાં છે?

પોતાની વાત કહેવાની, પ્રત્યાયનની આ પ્રબળ ઇચ્છાને સંતોષવા માટે માનવીએ વિકસાવેલાં અને આગળ જતાં માર્કેટિંગની માયાજાળમાં ફસાયેલાં માધ્યમો-સમૂહ માધ્યમોમાં સામાન્ય માનવીના અવાજને ભાગ્યે જ સ્થાન મળે છે. જોકે, ઇન્ટરનેટના આગમન સાથે સામાન્ય માનવીને વ્યક્ત-અભિવ્યક્ત થવાનું મોકળું મેદાન સાંપડ્યું છે.સ્માર્ટફોનની વ્યાપક પહોંચ પછીની સુખદ વાસ્તવિકતા એ છે કે ઇન્ટરનેટ હવે મોટા ભાગના લોકો માટે હાથવગું બન્યું છે. સામાન્ય વ્યક્તિ પણ હવે આસાનીથી પોતાની વાત વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવા સક્ષમ બન્યો છે. સોશિયલ મીડિયાના શોરબકોર વચ્ચે પણ પોતાની વાત વિગતે અને ગંભીરતાપૂર્વક મૂકવા માટે બ્લોગ નામનું એક માધ્યમ ઉપલબ્ધ બન્યું છે. બ્લોગ થકી વ્યક્તિ અભિવ્યક્તિની પૂર્ણ આઝાદી ભોગવી શકે છે.

**ઉદ્દેશોઃ**

આ સંશોધન-પત્રનો ઉદ્દેશ એ ચકાસવાનો છે કે કોઇ પણ વ્યક્તિ શું બ્લોગ થકી વ્યક્તિ અભિવ્યક્તિની પૂર્ણ આઝાદી ભોગવી શકે ખરો? માધ્યમ તરીકે બ્લોગની વિશેષતાઓ શું છે? ગાંધીજીએ આર્થિક સ્વાવલંબન માટે ચરખાને આગળ વધાર્યો હતો તો શું પ્રત્યાયન ક્રાંતિના યુગમાં અભિવ્યક્તિની આત્મનિર્ભરતા માટે બ્લોગ ચરખા જેવી ભૂમિકા ભજવવા સક્ષમ છે? શું બ્લોગને અભિવ્યક્તિની આત્મનિર્ભરતા બક્ષતો 'ડિજિટલ' ચરખો ગણાવી શકાય? શું  નાગરિક પત્રકારત્વ માટે બ્લોગ શ્રેષ્ઠ માધ્યમ પુરવાર થઇ શકે છે? આવા પ્રશ્નોના જવાબ પ્રાપ્ત કરવાનો પ્રયાસ આ સંશોધન-પત્રમાં કરવામાં આવ્યો છે.

**સાહિત્ય-સમીક્ષાઃ**

ડૉ. કૃષ્ણકુમાર રત્તુએ ‘આધુનિક મીડિયા દૃષ્ટિ’ નામના પુસ્તકમાં નોંધ્યું છે, “પ્રત્યાયનની કહાણી માનવ ઇતિહાસ કરતાં પણ પ્રાચીન છે.” સાચી વાત છે, માણસ બોલતા નહોતો શીખ્યો ત્યારેય પ્રત્યાયન તો કરતો જ હતો, એટલું જ નહીં હોમો સેપિયન્સમાંથી માનવી નહોતો બન્યો ત્યારે પણ તેને અભિવ્યક્ત થયા વિના થોડું ચાલતું હશે.પૃથ્વી પરના સૌથી બુદ્ધિશાળી સજીવ ગણાતા માનવીએ પ્રત્યાયન કરવા માટે એક પછી એક અનેક માધ્યમ વિકસાવ્યાં છે. માનવીએ પ્રત્યાયન માટે ઈશારા યુગથી ઇન્ટરનેટ યુગ સુધીની સુદીર્ઘ સફર ખેડી છે.

મનીષા દ્વિવેદી અને શશીપ્રભા શર્મા લિખિત ‘રેડિયો પત્રકારિતા એવમ્ પ્રસારણ કે સિધ્દ્વાંત’માં સાચું જ લખાયું છે કે “પ્રત્યાયન મનુષ્યની મૂળભૂત માનસિક જરૂરિયાત છે. આને કારણે જ પ્રત્યાયનના ક્ષેત્રમાં જ્યારે પણ કોઈ નવી શોધ થઈ, તે માનવ સભ્યતા માટે માઇલસ્ટોન પુરવાર થઈ છે. આ શોધોએ વ્યાપક ગુણાત્મક પરિવર્તનની શરૂઆત કરી છે, પછી ભલે તે ભાષાનો વિકાસ હોય, લેખનની શરૂઆત હોય કે છાપખાનાની શોધ. આ બધાંએ માનવજીવનને વ્યાપક રીતે પ્રભાવિત કર્યું છે.” ડૉ. વિજય કુલશ્રેષ્ઠે પોતાના પુસ્તક ‘સંચાર માધ્યમ તકનીક ઔર લેખન’ નામના પુસ્તકના પહેલા પાને જ લખ્યું છે કે, “આદિકાળથી જ માનવી કોઈ ને કોઈ રીતે પ્રત્યાયન કરીને વિચારો કે ભાવોને અન્ય સુધી પહોંચાડતો રહ્યો છે, પરંતુ આધુનિક યુગમાં એવાં માધ્યમો આવી ગયાં છે, જેનાથી લાખો-કરોડો લોકોને એક સાથે જ માહિતી પહોંચાડી શકાય છે.”

**માધ્યમક્રાંતિએ આપ્યાં આધુનિક માધ્યમોઃ**

માનવ જાતિએ પ્રત્યાયન માટે શબ્દોથી માંડીને સ્માર્ટફોનની લાંબી યાત્રા ખેડી છે અને સમયાંતરે વધુ ને વધુ આધુનિક માધ્યમો વિકસાવ્યાં છે. મુદ્રણ યંત્ર પછી તાર-ટેલિગ્રાફ, રેડિયો, ટીવી, કમ્પ્યૂટર અને ઇન્ટરનેટની યાત્રા આજે સ્માર્ટફોને આવી પહોંચી છે. આંગળીથી ભીંતો પર લીટા પાડીને ચિત્ર દોરતો માનવી આજે આંગળીના ટેરવે વીજળી વેગે વિશ્વવ્યાપી પ્રત્યાયન સાધી શકે છે. ઇન્ટરનેટ અને સ્માર્ટફોનના સંગમે પ્રત્યાયનની પ્રક્રિયાને અત્યંત ઝડપી અને એકદમ આસાન

બનાવી દીધી છે.આજેઇન્ટરનેટ થકી વ્યક્તિ પોતાની વાત સમગ્ર વિશ્વમાં પહોંચાડવા સક્ષમ બન્યો છે. વ્યક્તિને અભિવ્યક્ત થવા માટે પાંખો મળી છે.

### બ્લોગઃ અભિવ્યક્તિનો ડિજિટલ ચરખોઃ

ઇન્ટરનેટ અને સ્માર્ટફોનને કારણે છેલ્લાં એક દાયકામાં સામાન્ય લોકોને પોતાની વાત રજૂ કરવાની સુવિધા પ્રાપ્ત થઇ છે. લોકો પીસી (પર્સનલ કમ્પ્યૂટર) અને સ્માર્ટફોન પર ઇન્ટરનેટ થકી પોતાનાં વિચારો અને મંતવ્યોની વિશ્વવ્યાપી રજૂઆત કરવા સક્ષમ બન્યા છે. આધુનિક માધ્યમોના પ્રતાપે અભિવ્યક્તિની આઝાદીની વસંત ખીલી છે, એવું કહેવામાં અતિશયોક્તિ નથી. સામાન્ય માણસ પ્રત્યાયનની બાબતે અગાઉ ક્યારેય આટલો સ્વાવલંબી અને સક્ષમ નહોતો. આજે કોઈ પણ વ્યક્તિ પોતાની વાત વ્યાપક સમુદાય સુધી આસાનીથી રજૂ કરી શકે છે અને તેને કારણે જ અભિવ્યક્તિની બાબતે આજનો માનવી વધારે સ્વાવલંબી બન્યો છે. ઇન્ટરનેટ પર અનેક એવાં પ્લેટફોર્મ્સ ઉપલબ્ધ છે, જે કોઈ પણ પ્રકારના શુલ્ક/ફી વિના બ્લોગ ચલાવવાની સુવિધા આપે છે, જેમાંથી બ્લોગસ્પોટ અને વર્ડપ્રેસ જેવી કેટલીક સાઇટ્સ ખૂબ જ જાણીતી બની છે. ફેસબુક-ટ્વીટર જેવી સોશિયલ સાઇટ્સ પણ માઇક્રોબ્લોગિંગ કરવાની તક આપતાં માધ્યમો જ છે અને એટલે તેણે અપાર લોકપ્રિયતા હાંસલ કરી છે. આજે ગૂગલ-ફેસબુક જેવી કંપનીઓ પણ બ્લોગ ચલાવે છે તો લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ રાજકારણીથી માંડીને સુપરસ્ટાર અભિનેતા અમિતાભ બચ્ચન પણ બ્લોગ લખે છે. આ બતાવે છે કે બ્લોગ કઈ હદે પ્રભાવશાળી અને મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે સ્થાપિત થયું છે.

### ગાંધીજીના ચરખા અને બ્લોગ વચ્ચે સરખામણીઃ

ગાંધીજીને ચરખા પર અપાર શ્રદ્ધા હતી. તેમણે પોતાની આત્મકથાના 'ખાદીનો જન્મ' પ્રકરણમાં નોંધ્યું છે, "સન 1908 સુધીમાં રેંટિયો કે સાળ મેં જોયાં હોય એવું મને સ્મરણ નથી. છતાં 'હિંદ સ્વરાજ'માં રેંટિયા મારફતે હિંદુસ્તાનની કંગાલિયત મટે એમ મેં માન્યું. ને જે રસ્તે ભૂખમરો ભાગે તે રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય." ગાંધીજીએ આત્મકથામાં રેંટિયો મળ્યો તેના માટે એક આખું પ્રકરણ 'મળ્યો' લખેલું છે.

ગાંધીજીએ રેંટિયોની પ્રશંસા કરતા લખેલું, "ભારતભૂમિને સારુ એ ધર્મનું નિશાન રેંટિયો છે. કેમકે, તે જ દુખિયાનો વિસામો છે, તે જ કંગાલની કામધેનું છું." ગાંધીજીનો નિર્ધાર હતો, "હું રેંટિયાના પાયા ઉપર ગ્રામજીવનની સંગીન ઇમારત રચીશ. હું રેંટિયાને કેન્દ્રમાં મૂકીને ગ્રામજીવનની બધી પ્રવૃત્તિઓને તેની આજુબાજુ ગોઠવીશ."

આમ, ગાંધીજીએ આર્થિક સ્વાવલંબન માટે ચરખાનો પ્રચાર-પ્રસાર કરેલો, ગાંધીજી આજે હયાત હોત તો અભિવ્યક્તિના સ્વાવલંબન માટે તેમણે બ્લોગની હિમાયત ચોક્કસપણે કરી જ હોત. બ્લોગ અને ચરખા વચ્ચે અનેક રીતે સરખામણી કરી શકાય એમ છે. ચરખાનાં ઘણા બધાં લક્ષણો બ્લોગમાં જોવા મળે છે. સામાન્ય વ્યક્તિ પણ પોતાની વાત રજૂ કરવા માટે, પોતાનો અવાજ બુલંદ કરવા માટે બ્લોગનો ઉપયોગ કરી શકે છે. ચરખાથી જેમ સ્વદેશી ક્રાંતિ થઇ, તેમ બ્લોગથી અનેક દેશોમાં રાજકીય ક્રાંતિ આવી છે.

ગાંધીજીનો ચરખો જેમ વ્યક્તિને વસ્ત્રની બાબતમાં, લાંબું વિચારીએ તો આર્થિક રીતે સ્વાવલંબી બનાવતો હતો તેમજ તેને આર્થિક સક્ષમ બનાવતો હતો, એ રીતે બ્લોગ એવું આધુનિક માધ્યમ છે, જે અભિવ્યક્તિના ચરખા જેવી ભૂમિકા ભજવે છે. આ માધ્યમ વ્યક્તિને પોતાના સમાચારો-વિચારો રજૂ કરવા માટે સ્વાવલંબી બનાવી રહ્યાં છે અને પોતાની અભિવ્યક્તિ માટે સક્ષમ-સજ્જ બનાવે છે. માધ્યમ તરીકે બ્લોગની જે કંઇ વિશેષતાઓ છે, તે ચરખા સાથે ઘણી સામ્યતા ધરાવે છે. સૌથી પહેલાં તો બ્લોગ સરળ, સુલભ અને સસ્તુ માધ્યમ છે. બીજું કે તેની અખંડ ઉપલબ્ધતા છે. તમે ઇચ્છો ત્યારે તેમાં અભિવ્યક્તિ કરી શકો છો. ચરખામાં જેમ પરિણામ-પેદાશ તરત મળે તેમ બ્લોગ થકી તમે અમુક ક્ષણોમાં સમગ્ર વિશ્વ સુધી સંદેશો પહોંચાડી શકો છો. ચરખામાં તમે મન પડે એટલું કાંતી શકો છો, એ રીતે તમારા બ્લોગમાં પણ તમે શબ્દમર્યાદા વિના જેટલું લાંબું-વિસ્તૃત લખવું હોય એટલું લખી શકો છો. બ્લોગમાં તમે તમારા અનુકૂળ સમયે તમારી વાત મૂકી શકો છો, તેમાં તમને કોઇ ડેડલાઇનનું દબાણ હોતું નથી કે પ્રકાશનના દિવસની રાહ પણ જોવાની હોતી નથી. એક ચરખા પર આખી જિંદગી કાંતી શકાય, તેમ એક બ્લોગ થકી આખી

જિંદગી પોતાની વાત રજૂ કરી શકાય છે. આ રીતે આ એક ટકાઉ માધ્યમ છે અને તમે જે કંઇ રજૂ કરો તે આજીવન સંગ્રહાયેલું પણ રહે છે.

**નાગરિક પત્રકારત્વ અને બ્લોગિંગઃ**

મુદ્રિત હોય કે વીજાણું માધ્યમો, તેનું સંચાલન સામાન્ય માનવીના હાથની વાત નથી, કારણ કે તે જંગાવર મૂડીરોકાણ માગે છે. આ સંજોગોમાં નાગરિક પત્રકારત્વ માટે બ્લોગ શ્રેષ્ઠ માધ્યમ પુરવાર થયું છે. ભારતમાં થોડાં વર્ષ પહેલાં આંધ્રમાં સુનામી આવી ત્યારે બ્લોગના માધ્યમ થકી તેના સમાચારો અને સ્થિતિનો સાચો ચિતાર વિશ્વભરના લોકો સુધી પહોંચ્યો હતો અને આખી દુનિયામાંથી લોકો સુનામીપીડિતોની મદદ માટે આવેલા. અમેરિકી પ્રમુખની ચૂંટણી હોય કે આતંકી હુમલો, બ્લોગના માધ્યમે નાગરિક પત્રકારત્વની દિશમાં ખૂબ આશા જગવી છે. બ્લોગ સ્વરૂપે લોકોને એવું માધ્યમ મળ્યું છે, જેમાં તેઓ પોતાનાં જ્ઞાન, માહિતી, મંતવ્યો, અનુભવોની આપ-લે કરી શકે છે. બ્લોગ થકી કોઇ પણ વ્યક્તિ પોતાના દમ પર આસાનીથી પત્રકારત્વ કરી શકે છે.

**ઉપસંહારઃ**

અભિવ્યક્તિની આઝાદી વિના કોઇ લોકશાહી ખરા અર્થમાં લોકશાહી બની રહે નહીં. અભિવ્યક્તિની આઝાદી હોય પરંતુ રજૂઆત કરવાનાં માધ્યમો જ ન હોય તો? આ સ્થિતિના નિવારણ માટે બ્લોગ ઉપકારક નીવડી શકે છે. અધ્યયન અને સંશોધનના અંતે કહી શકાય કે લોકશાહી રાષ્ટ્રમાં બ્લોગ એક નાનું માધ્યમ હોવા છતાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. બ્લોગે લોકશાહીને પોષક એવા માધ્યમની ખોટ પૂરી કરી છે.

આ સંશોધન-પત્રના અંતે પ્રાપ્ત થતાં તારણો જોઇએ તો, કહી શકાય કે આર્થિક સ્વાવલંબન માટે ચરખાનો પ્રચાર-પ્રસાર કરનારા ગાંધીજી આજે હયાત હોત તો અભિવ્યક્તિના સ્વાવલંબન માટે તેમણે બ્લોગની હિમાયત ચોક્કસપણે કરી જ હોત. ચરખાનાં ઘણા બધાં લક્ષણો બ્લોગમાં જોવા મળે છે. સરખામમી કરતાં બ્લોગ અને ચરખા વચ્ચે અનેક સામ્યતા જોવા મળે છે. ચરખાથી જેમ સ્વદેશી ક્રાંતિ થઇ, તેમ બ્લોગથી અનેક દેશોમાં રાજકીય ક્રાંતિ આવી છે.

સામાન્ય વ્યક્તિ પણ પોતાની વાત રજૂ કરવા માટે, પોતાનો અવાજ બુલંદ કરવા માટે બ્લોગનો ઉપયોગ કરી શકે છે. આમ, બ્લોગ અભિવ્યક્તિની આઝાદીનું એક મજબૂત માધ્યમ બનવા સક્ષમ છે. બ્લોગને કારણે નાગરિક પત્રકારત્વની સંભાવના અને તકોમાં પણ ઘણો વધારો નોંધાયો છે.

**સંદર્ભઃ**


- મિશ્ર, ડૉ. ચન્દ્રપ્રકાશ, સંચાર ઔર સંચાર માધ્યમ, સંજય પ્રકાશન, દિલ્હી, બીજી સંશોધિત અને પરિવર્દ્ધિત આવૃત્તિ, 2006), પૃ. 164
- રત્તૂ, ડૉ. કૃષ્ણકુમાર, આધુનિક મીડિયા દૃષ્ટિ, બુક એનક્લેવ, જયપુર, પ્રથમ આવૃત્તિ, 2005
- દ્વિવેદી મનીષા, શર્મા, શશીપ્રભા, રેડિયો પત્રકારિતા એવમ્ પ્રસારણ કે સિદ્ધાંત, હરિઓમ પ્રકાશન, નવી દિલ્હી, પૃ. 23
- કુલશ્રેષ્ઠ, ડૉ. વિજય,સંચાર માધ્યમ તકનીક ઔર લેખન, શ્યામ પ્રકાશન, જયપુર-302003, પ્રથમ આવૃત્તિ – 2006, પૃ. 195
- વ્યાસ દિવ્યેશ, અભિવ્યક્તિની આઝાદી અને ગુજરાતી બ્લોગવિશ્વ (ગૂજરાત વિદ્યાપીઠમાં એમફિલના અભ્યાસ અંતર્ગત લખેલો મહાશોધનિબંધ, માર્ગદર્શક – ડૉ. અશ્વિન ચૌહાણ, વર્ષ – 2010)
- ગાંધી, મો. ક., સત્યના પ્રયોગો અથવા આત્મકથા, 1927, નવજીવન પ્રકારશન મંદિર, અમદાવાદ, પુનર્મુદ્રણ પ્રત, જુલાઈ, 2001, પાન નં. 447 અને 449
- પ્રભુ આર.કે., રાવ, યુ.આર., મહાત્મા ગાંધીના વિચારો, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, 2000, પૃ. 375



## ડૉ. દિવ્યેશ વ્યાસ

આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**E-mail: divyesh.vyas@baou.edu.in and divyeshvyas.amd@gmail.com**